Extra No. 104

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] THURSDAY, MAY 7, 2026 / VAISHAKHA 17, 1948

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી મે, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખઃ ૩૦મી જાન્યુઆરી, ૨૦૨૬ના જાહેરનામા ક્રમાંક. (જીએચએન-૬)જીએસટી-૨૦૨૬/એસ.૧૫(૫)(૨)/જીએસટી સેલ.- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

પરિમલ જોષી,

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

NOTIFICATION

Regarding

Amendment in the Notification of the Government of Gujarat,

Finance Department No. (GHN-70) GST-2023/S.15(5)(1) GST CELL dated the 1st October, 2023,

Notification No. 49/2023-State Tax

ગુજરાત સરકાર, નાણા વિભાગનું તા: ૧લી ઓક્ટોબર, ૨૦૨૩નું જાહેરનામું ક્રમાંક. (જીએચએન-૭૦) જીએસટી-૨૦૨૩/ એસ.૧૫(૫)(૧) જીએસટી સેલ, જાહેરનામું ક્રમાંક: ૪૯/૨૦૨૩-રાજ્ય વેરો સુધારવા સંબંધી

જાહેરનામું

નાણા વિભાગ

જાહેરનામું

ક્રમાંક. ૧૯/૨૦૨૫-રાજ્ય વેરો

ગાંધીનગર, ૩૦મી જાન્યુઆરી, ૨૦૨૬

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક: (જીએચએન-૬)જીએસટી-૨૦૨૬/એસ.૧૫(૫)(૨)/જીએસટી સેલ:- ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા)ની કલમ ૧૫ની પેટા-કલમ (૫) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોને આધારે, આથી, ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખ: ૧લી ઓક્ટોબર, ૨૦૨૩ના જાહેરનામા ક્રમાંક. (જીએચએન-૭૦) જીએસટી-૨૦૨૩/એસ.૧૫(૫)(૧) જીએસટી સેલ, જાહેરનામું ક્રમાંક: ૪૯/૨૦૨૩-રાજ્ય વેરો-માં નીચેનો સુધારો કરે છે:-

સદરહુ જાહેરનામામાં, ખંડ (૩) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

"(૪) જેના પર છૂટક વેચાણ કિંમત જાહેર કરવામાં આવી હોય તેવા નીચેના કોષ્ટકના કોલમ (૨)માં નિર્દિષ્ટ કરેલા તત્સમાન પ્રકરણ/ શીર્ષક/પેટા-શીર્ષક/ટેરિફની બાબત હેઠળ આવતા, કોલમ (૩) માં નિર્દિષ્ટ કરેલા વર્ણન ધરાવતા નીચેના માલનો પુરવઠો:-

કોષ્ટક

અનુક્રમાંક	**પ્રકરણ/ શીર્ષક/ પેટા-શીર્ષક/ ટેરિફની બાબત**	**માલનું વર્ણન**
(૧)	(૨)	(૩)
૧.	૨૧૦૬ ૯૦ ૨૦	પાન-મસાલા
૨.	૨૪૦૧	અનમેન્યુફેક્ચર્ડ (પ્રક્રિયા વગરનું) તમાકુ; [તમાકુના પાંદડા સિવાયનો અન્ય] તમાકુનો કચરો
૩.	૨૪૦૨	તમાકુના અથવા તમાકુના અવેજી પદાર્થોના સિગાર્સ, ચિરૂટ્સ, સિગારિલોસ અને સિગારેટ્સ
૪.	૨૪૦૩	અન્ય મેન્યુફેક્ચર્ડ (પ્રક્રિયા કરેલી) તમાકુ અને મેન્યુફેક્ચર્ડ (પ્રક્રિયા કરેલા) તમાકુના અવેજી પદાર્થો; "હોમોજિનાઈઝ્ડ" અથવા "રિકન્સ્ટિટ્યુટેડ" તમાકુ; [બીડી સહિતના] તમાકુના અર્ક અને એસેન્સીસ
૫.	૨૪૦૪ ૧૧ ૦૦	તમાકુ અથવા પુનર્ગઠિત તમાકુ ધરાવતા અને દહન વિના શ્વાસમાં લેવા માટે બનાવેલા ઉત્પાદનો
૬.	૨૪૦૪ ૧૯ ૦૦	તમાકુ અથવા નિકોટિનના અવેજી પદાર્થો ધરાવતા અને દહન વિના શ્વાસમાં લેવા માટે બનાવેલા ઉત્પાદનો

સ્પષ્ટીકરણ.- આ ખંડના હેતુઓ માટે,-

(ક). "છૂટક વેચાણ કિંમત" એટલે માલ પર જાહેર કરવામાં આવેલી મહત્તમ કિંમત કે જે કિંમતે પેકેજ્ડ સ્વરૂપમાં આવા માલ છેવટના ગ્રાહકને વેચી શકાશે અને તેમાં ગમે તે નામે ઓળખાતા તમામ વેરા, ડ્યુટી (શુલ્ક), સરચાર્જ અથવા સેસનો સમાવેશ થાય છે;

(ખ). કોઈપણ નિર્દિષ્ટ માલના પેકેજ પર એક કરતાં વધુ છૂટક વેચાણ કિંમત જાહેર કરવામાં આવી હોય, ત્યારે આવી છૂટક વેચાણ કિંમતની મહત્તમ રકમને, છૂટક વેચાણ કિંમત તરીકે ગણવી જોઈશે;

(ગ). કોઈપણ નિર્દિષ્ટ માલના પેકેજ પર જાહેર કરવામાં આવેલી છૂટક વેચાણ કિંમતમાં પુરવઠા પહેલા, દરમિયાન અથવા પછી કોઈપણ તબક્કે છૂટક વેચાણ કિંમત વધારવા માટે ફેરફાર કરવામાં આવે છે, ત્યારે આવી ફેરફાર કરેલી છૂટક વેચાણ કિંમતને, છૂટક વેચાણ કિંમત તરીકે ગણવી જોઈશે;

(ઘ). જુદાજુદા વિસ્તારોમાં પેકેજ્ડ સ્વરૂપમાં ઉપરના કોઈ નિર્દિષ્ટ માલના વેચાણ માટે જુદાજુદા પેકેજો પર અલગ અલગ છૂટક વેચાણ કિંમતો જાહેર કરવામાં આવી હોય, ત્યારે દરેક આવી છૂટક વેચાણ કિંમત, છૂટક વેચાણ કિંમત સંબંધિત હોય તેવા વિસ્તારમાં વેચવાને અભિપ્રેત હોય તેવા નિર્દિષ્ટ માલના મૂલ્યાંકનના હેતુઓ માટે, છૂટક વેચાણ કિંમત રહેશે.

(ચ). “ટેરિફની બાબત”, “શીર્ષક”, “પેટા-શીર્ષક” અને “પ્રકરણ”નો અર્થ કસ્ટમ ટેરિફ અધિનિયમ, ૧૯૭૫ (સન ૧૯૭૫ના ૫૧મા)ની પહેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના અનુક્રમે ટેરિફની બાબત, શીર્ષક, પેટા-શીર્ષક અને પ્રકરણ એમ થશે.

(છ). કસ્ટમ ટેરિફ અધિનિયમ, ૧૯૭૫ (સન ૧૯૭૫ના ૫૧મા)ની પહેલી અનૂસૂચિના અર્થઘટન માટેના નિયમો, પહેલી અનુસૂચિની કલમ અને પ્રકરણ નોંધો અને સામાન્ય સ્પષ્ટીકરણાત્મક નોંધો સહિત, શક્ય હોય ત્યાં સુધી આ ખંડના અર્થઘટનને લાગુ પડશે.”

૨. આ જાહેરનામું સન ૨૦૨૬ના ફેબ્રુઆરી મહિનાની ૧લી તારીખે અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કેતન એચ. સુથાર,

સરકારના સંયુક્ત સચિવ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.06.09 11:47:03 IST